# ચીનમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં તોતિંગ વધારો

**ગેસોલીન**-ડીઝલમાં પ્રતિ ટન આશરે 160 ડોલરનો વધારો કરાયો

**જોકે** ચીન પાસે આશરે ચાર મહિનાનો ઈમરજન્સી તેલનો જથ્થો અનામત છે

બીજિંગ, તા. 23 (પીટીઆઈ): અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે લાંબા સમય સુધી યુદ્ધ ચાલવાની આશંકા વચ્ચે ચીને દેશમાં સંભવિત ઈંધણ સંકટને પહોંચી વળવા માટે પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં મોટો વધારો કર્યો છે.

ચીનની ટોચની આયોજન સંસ્થા 'નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મ કમિશન' (એનડીઆરસી) દ્વારા મંગળવારથી અમલી બને તે રીતે કામચલાઉ પગલાંની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થયેલા અસાધારણ વધારાની અસરને ઘટાડવા અને આર્થિક સ્થિરતા જાળવી રાખવા માટે લેવામાં આવ્યો છે.

નવા દરો મુજબ, ગેસોલિનના ભાવમાં પ્રતિ ટન 1,160 યુઆન (આશરે 168 ડોલર) અને ડીઝલના ભાવમાં પ્રતિ ટન 1,115 યુઆન (159 ડોલર) નો વધારો કરવામાં આવ્યો છે. આ જાહેરાત થતાની સાથે જ સમગ્ર ચીનમાં વાહન માલિકો પોતાની કારની ટાંકી ફૂલ કરાવવા માટે ગેસ સ્ટેશનો પર ઉમટી પડ્યા હતા.

પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે હોર્મુઝની સામુદ્રધુની બ્લોક થઈ ગઈ છે, જ્યાંથી વિશ્વની 20% ઈંધણનું પરિવહન થાય છે.

ચીન તેની જરૂરિયાતનું 70% ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેમાંથી અડધોઅડધ પુરવઠો હોર્મુઝના માર્ગે આવે છે. જોકે, નિષ્ણાતો માને છે કે અન્ય એશિયાઈ દેશોની સરખામણીએ ચીન પર આની અસર ઓછી થઈ શકે છે, કારણ કે ચીન પાસે રશિયા સાથે જોડાયેલી સીધી ગેસ પાઈપલાઈન્સ છે અને મોસ્કો સાથે લાંબા ગાળાના ઊર્જા પુરવઠાના કરારો પણ છે. હાલમાં ચીન પાસે આશરે ચાર મહિનાનો ઈમરજન્સી તેલનો જથ્થો અનામત હોવાનું મનાય છે.



# પેરુ: એન્ડીઝ પર્વતમાળામાં બસ ખાબકતાં 9 પ્રવાસીઓનાં મોત

લિમા, તા. 23: પેરુવિયન એન્ડીઝ પર્વતમાળામાં પર્યટકોને પિકનિક પર લઈ જઈ રહેલી એક મિની બસ પહાડ પરથી નીચે ખાબકતાં 9 લોકોનાં મોત થયાં છે અને ઓછામાં ઓછા 15 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

સ્થાનિક ફાયર ફાઈટરોએ જણાવ્યું હતું કે, બસમાં લગભગ 25 પ્રવાસીઓ અને તેમના ગાઈડ સવાર હતા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે બસ પ્રખ્યાત 17,969 ફૂટ ઊંચા રાજુન્તાય પર્વતથી લગભગ 10 માઈલ દૂર હતી.

પેરુના આરોગ્ય મંત્રાલયે રાત્રિ દરમિયાન એક નિવેદનમાં પુષ્ટિ કરી છે કે, ''આ ઘટનામાં 15 લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમને ચાર અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

નવ લોકોનાં મોત થયાં છે, જેમાંથી સાત લોકોનાં ઘટનાસ્થળે અને બે લોકોનાં હોસ્પિટલમાં મોત નીપજ્યાં છે.

આરોગ્ય મંત્રાલય તેની ઈમરજન્સી ટીમો દ્વારા અકસ્માતનો ભોગ બનેલા લોકોને સંપૂર્ણ સહાય પૂરી પાડવાનું ચાલુ રાખશે.''

# અમેરિકાના વિઝામાં મોટો કાપ: ભારત અને ચીનને સૌથી વધુ ફટકો

**8 મહિનામાં** 2.5 લાખ ઓછા વિઝા અપાયા

**ભારત** અને ચીનના વિદ્યાર્થીઓ અને કામદારો પર આની વ્યાપક અસર પડી, વિઝામાં કુલ 84,000નો ઘટાડો થયો

વોશિંગ્ટન, તા. 23 (પીટીઆઈ): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કડક ઈમિગ્રેશન નીતિઓને કારણે ભારત અને ચીનના નાગરિકોને સૌથી વધુ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. એક તાજેતરના અહેવાલ મુજબ, 2024ના પ્રથમ આઠ મહિનાની સરખામણીએ 2025ના સમાન ગાળામાં અમેરિકાએ કુલ 2.5 લાખ જેટલા ઓછા વિઝા જારી કર્યા છે.

અમેરિકી વિદેશ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, જાન્યુઆરીથી ઓગસ્ટ 2025 દરમિયાન પરમેનન્ટ રેસિડન્ટ અને ટેમ્પરરી વિઝામાં 11 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ વિઝા સામાન્ય રીતે વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને નાગરિકોના પરિવારના સભ્યો માટે જારી કરાય છે.

આ આંકડાઓમાં પ્રવાસન વિઝાનો સમાવેશ થતો નથી, જેમાં પણ 3.4% નો ઘટાડો થયો છે, જે આશરે 2 લાખ વિઝા જેટલો થાય છે.

વિશેષરૂપે, ભારત અને ચીનના વિદ્યાર્થીઓ અને કામદારો પર આની વ્યાપક અસર પડી છે. બંને દેશોના વિઝામાં કુલ 84,000નો ઘટાડો થયો છે. જો વિદ્યાર્થી વિઝાની વાત કરીએ તો, 2024માં જે આંકડો 3.44 લાખ હતો, તે 2025માં ઘટીને 2.38 લાખ થઈ ગયો છે.

આ ઉપરાંત, ફેમિલી પ્રેફરન્સ વિઝામાં 27% (44,000થી વધુ) અને મંગેતર કે જીવનસાથી માટેના વિઝામાં પણ 50% થી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ આ અંગે સ્પષ્ટતા કરી છે કે ટ્રમ્પ સરકાર 'અમેરિકા પ્રથમ'ની નીતિ પર અડગ છે, જ્યારે વિદેશ વિભાગે જણાવ્યું કે વિઝા એ એક સુવિધા છે, અધિકાર નથી.

# CoinDCXના કો-ફાઉન્ડર્સની ધરપકડ: 71.6 લાખની છેતરપિંડીનો આરોપ

**ઊંચા** વળતરની લાલચ આપી વીમા સલાહકારને લાખોનો ચૂનો લગાવ્યો; મુંબ્રા પોલીસે શરૂ કરી તપાસ

થાણે, તા. 23: થાણે પોલીસે ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ પ્લેટફોર્મ કોઈનડીસીએક્સના સહ-સ્થાપકો સુમિત ગુપ્તા અને નીરજ ખંડેલવાલની 71.6 લાખની કથિત છેતરપિંડીના કેસમાં ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

જોકે, કંપનીએ દાવો કર્યો છે કે, આ એફઆઈઆર ખોટી છે અને કોઈનડીસીએક્સ વિરુદ્ધ એક ષડયંત્ર છે, જેમાં સ્થાપકો હોવાનો ડોળ કરતા ઠગ લોકો દ્વારા જનતા સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના થાણે શહેરના મુંબ્રા પોલીસ સ્ટેશનમાં 16 માર્ચે કોઈનડીસીએક્સના સહ-સ્થાપકો ગુપ્તા, ખંડેલવાલ અને અન્ય વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ષડયંત્રના આરોપો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યા બાદ આ ધરપકડ કરવામાં આવી હતી.

કેસના ફરિયાદી, જેઓ 42 વર્ષીય વીમા સલાહકાર છે, તેમણે આરોપ લગાવ્યો હતો કે ઓગસ્ટ 2025થી આ વર્ષના માર્ચ મહિના દરમિયાન આ ક્રિપ્ટોકરન્સી પ્લેટફોર્મ સાથે જોડાયેલી હોવાનો દાવો કરતી કંપનીમાં રોકાણ કરીને ઊંચા વળતરની લાલચ આપી તેમને 71.6 લાખનો ચૂનો લગાવવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, તેમને ફ્રેન્ચાઈઝીની તક પણ આપવામાં આવી હતી.

મુંબ્રાના રહેવાસી એવા ફરિયાદીએ અલગ-અલગ સમયે રોકડ અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા 71,60,015 ટ્રાન્સફર કર્યા હતા. જોકે, રોકાણ કરેલી રકમ પરત કરવામાં આવી ન હતી અને તેના બદલે ભંડોળનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

મુંબ્રા પોલીસની એક ટીમે શનિવારે બેંગલુરુથી ગુપ્તા અને ખંડેલવાલની અટકાયત કરી હતી. સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર અનિલ શિંદેએ જણાવ્યું હતું કે, તેઓને બાદમાં થાણે લાવવામાં આવ્યા હતા અને રવિવારે સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જેણે તેમને સોમવાર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. અધિકારીએ ઉમેર્યું હતું કે, "આ રોકાણ યોજના સાથે અન્ય કોઈ પીડિતો જોડાયેલા છે કે કેમ તે નક્કી કરવા માટે વિગતવાર તપાસ ચાલી રહી છે."

## પેજ 3

## રણવીરની 'ધુરંધર'માં મોટી ભૂલ: સીનમાં કેમેરામેન દેખાતા નેટિઝન્સમાં ચર્ચા

**એડિટિંગની** બેદરકારી કે નોલાનને અંજલિ? અરીસામાં કેમેરામેન દેખાતા વીડિયો વાયરલ



મુંબઈ, તા. 23: રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર: દ રિવેન્જ' અત્યારે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચામાં છે, પણ કોઈ ડાયલોગ માટે નહીં પરંતુ એક 'ભૂલ' માટે! ફિલ્મના એક હાઈ-વોલ્ટેજ સીન દરમિયાન, જ્યાં હમઝા (રણવીર) અને પિંડા (ઉદયબીર સંધુ) વચ્ચે બાથરૂમમાં જોરદાર ફાઈટ ચાલે છે, ત્યાં બાજુના અરીસામાં કેમેરામેન સ્પષ્ટ દેખાઈ રહ્યો છે, જોકે આ દ્રશ્ય બહુ ઓછા સમય માટે પડદા પર આવે છે પણ તેજ નજરવાળા દર્શકોએ તેની નોંધ લીધી હતી. નેટિઝન્સમાં હવે બે ફાંટા પડી ગયા છે. કેટલાક ચાહકો તેને હોલીવુડ ડાયરેક્ટર ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ 'દ ડાર્ક નાઈટ'ની એક ભૂલ સાથે સરખાવી રહ્યા છે અને તેને આદિત્ય ધરની નોલાનને 'માસ્ટરસ્ટ્રોક અંજલિ' ગણાવી રહ્યા છે. જ્યારે બીજી તરફ, ઘણા લોકો તેને એડિટિંગની ગંભીર બેદરકારી અને 'ક્વોલિટી કંટ્રોલ'નો અભાવ કહી રહ્યા છે. હવે આ જાણી જોઈને રાખેલી 'ડિટેલિંગ' છે કે નજરચૂક, એ તો મેકર્સ જ જાણે, પણ અત્યારે તો આ કેમેરામેન રણવીર કરતા પણ વધુ વાયરલ થઈ રહ્યો છે!

## ટ્રોલર્સને દીપિકાનો જડબાતોડ જવાબ: રણવીર સાથે 'ધુરંધર 2'ની કરી ભવ્ય ઉજવણી



મુંબઈ, તા. 23: 'ધુરંધર 2'ની સફળતા વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી લોકો સોશિયલ મીડિયા પર દીપિકા પાદુકોણને સતત ટ્રોલ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રણવીર સિંહના દમદાર પર્ફોર્મન્સ અને ફિલ્મની શાનદાર કમાણી વચ્ચે દીપિકા પાદુકોણે મૌન ધારણ કરી રાખ્યું હતું. દીપિકાના આ મૌનથી લોકોને સમસ્યા થઈ રહી હતી અને એટલા માટે જ તેમને ખોટું-ખરાબ સંભળાવવામાં આવી રહ્યું હતું. હવે દીપિકા પાદુકોણની કેટલીક તસવીરો સામે આવી છે જેમાં તે તેના પતિ રણવીર સિંહ સાથે જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે તે 'ધુરંધર 2' ની સફળતાની ઉજવણી કરી રહી હતી અને આ સાથે જ બધાની બોલતી બંધ કરી દીધી છે.

## સંજય કપૂર પ્રોપર્ટી વિવાદ: રાણી કપૂરે વહુ પ્રિયા સચદેવને ટ્રસ્ટમાંથી હટાવ્યાં



નવી દિલ્હી, તા. 23: દેશના જાણીતા બિઝનેસમેન કપૂર પરિવારમાં હાલમાં મોટો વિવાદ સામે આવ્યો છે. અહેવાલ છે કે રાણી કપૂરે તેમની વહુ અને સ્વ. સંજય કપૂરની પત્ની પ્રિયા સચદેવને આરકે ફેમિલી ટ્રસ્ટમાંથી હટાવવાનો નિર્ણય લીધો છે, જેના કારણે મામલો વધુ ગરમાયો છે. આ વિવાદ દિવંગત બિઝનેસમેન અને કરિશ્મા કપૂરના એક્સ પતિ સંજય કપૂરની પ્રોપર્ટી અને ફેમિલી ટ્રસ્ટને લઈને શરૂ થયો છે. રિપોર્ટ્સ અનુસાર, રાણી કપૂરે આરોપ લગાવ્યો છે કે, તેમની જાણકારી વગર એક ફેમિલી ટ્રસ્ટ બનાવવામાં આવ્યું, જેના દ્વારા તેમની પ્રોપર્ટી અને અધિકારો સાથે છેડછાડ કરવામાં આવી છે. રાણી કપૂરે કોર્ટમાં અરજી દાખલ કરીને આ ટ્રસ્ટને ગેરકાયદે અને છેતરપિંડીથી બનાવેલું ગણાવ્યું છે.

## છૂટાછેડાના એક દાયકા બાદ પ્રિયદર્શન અને લિઝી ફરી સાથે



ચેન્નાઈ, તા. 23: લગભગ એક દાયકા પહેલાં અલગ થયા બાદ પ્રખ્યાત ફિલ્મ-દિગ્દર્શક પ્રિયદર્શન અને ભૂતપૂર્વ અભિનેત્રી લિઝી લક્ષ્મીએ તેમના સંબંધને બીજી તક આપવાનો નિર્ણય લીધો છે. જોકે, ફરીથી લગ્ન કરવાને બદલે તેમણે લગ્ન વિના સાથે રહેવાનો નિર્ણય લીધો છે. તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં આ વાતની પુષ્ટિ કરતાં પ્રિયદર્શને ખુદ કહ્યું હતું કે, ''લગ્ન પ્રમાણપત્ર વગર અમે પહેલાંની જેમ સાથે રહીએ છીએ.'' ગયા વર્ષે એક લગ્નમાં બંને સાથે જોવાં મળ્યાં હતાં, જેમાં તેઓ આરામદાયક અને ખુશ દેખાતાં હતાં. ત્યાર બાદ લિઝીએ મામૂટી સાથેની પોતાની તસવીર સોશિયલ મીડિયામાં શેર કરી હતી, જેનાથી તેમના સંબંધોની અફવાઓ વધુ ફેલાઈ હતી.



# સોની ટીવીનો 51 ટકા હિસ્સો ટીસીએલ 8,300 કરોડમાં ખરીદશે

**લોકો** અટકળો લગાવી રહ્યા છે શું હવે સોની ટીવી બંધ થઈ જશે

**બજારમાં** 'બ્રાવિયા' બ્રાન્ડના ટીવી સોનીના લોગો સાથે જ મળતા રહેશે

નવી દિલ્હી, તા. 23: દાયકાઓથી પ્રીમિયમ ટેલિવિઝન ક્ષેત્રે દબદબો ધરાવતી જાપાની કંપની સોની તેના હોમ એન્ટરટેઈનમેન્ટ બિઝનેસનો મોટો હિસ્સો ચીની કંપની ટીસીએલને વેચવાની તૈયારીમાં છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ સોદો આશરે રૂ. 8,300 કરોડ (1 બિલિયન ડોલર) માં થઈ શકે છે.

આ સમજૂતી હેઠળ રચનારા જોઈન્ટ વેન્ચરમાં ટીસીએલનો 51% હિસ્સો રહેશે, જ્યારે સોની પાસે 49% હિસ્સો રહેશે. આ ભાગીદારી એપ્રિલ 2027થી કાર્યરત થવાની શક્યતા છે.

આ સોદાના સમાચાર સાથે લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે શું સોની ટીવી બંધ થઈ જશે? જોકે ગ્રાહકોએ ચિંતા કરવાની જરૂર નથી. બજારમાં 'બ્રાવિયા' બ્રાન્ડના ટીવી સોનીના લોગો સાથે જ મળતા રહેશે. તફાવત માત્ર એટલો જ હશે કે હવે ટીવીનું ઉત્પાદન અને સપ્લાય ચેઈન ટીસીએલ સંભાળશે. સોનીએ વધતી જતી વૈશ્વિક સ્પર્ધા અને પેનલ ઉત્પાદનના ઊંચા ખર્ચને પહોંચી વળવા આ વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. ભવિષ્યમાં સોનીના ટીવીમાં ટીસીએલની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને સોનીની પિક્ચર ક્વોલિટી તેમજ સાઉન્ડ ટેકનોલોજીનો સમન્વય જોવા મળશે.

# લંડનમાં યહૂદી ચેરિટીની 4 એમ્બ્યુલન્સ ફૂંકી મરાઈ

**બ્રિટિશ** વડા પ્રધાન સ્ટારમરે આ ઘટનાને ખૂબ જ આઘાતજનક ગણાવી

**3 શંકાસ્પદોની** શોધખોળ કરાઈ રહી છે 'હેટ ક્રાઈમ'ની તપાસ



લંડન, તા. 23 (એપી): લંડનમાં એક યહૂદી ચેરિટીની ચાર એમ્બ્યુલન્સને સોમવારે વહેલી સવારે આગ લગાડવામાં આવી હતી, જેને બ્રિટિશ પોલીસ 'નફરત પ્રેરીત ગુના' (હેટ ક્રાઈમ) તરીકે તપાસી રહી છે.

બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરે આ યહૂદી વિરોધી આગચંપીની ઘટનાને 'ખૂબ જ આઘાતજનક' ગણાવીને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. તેમણે જણાવ્યું કે, આ ભયાનક સમાચાર સાથે જાગેલા યહૂદી સમુદાય પ્રત્યે તેમની સંવેદના છે.

મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું કે, આ ઘટના લંડનના ગોલ્ડર્સ ગ્રીન વિસ્તારમાં બની હતી, જ્યાં મોટી સંખ્યામાં યહૂદી વસ્તી વસે છે. 'હત્ઝોલા નોર્થવેસ્ટ' નામની સ્વયંસેવી સંસ્થાની ચાર એમ્બ્યુલન્સ આ હુમલામાં ક્ષતિગ્રસ્ત થઈ છે. એમ્બ્યુલન્સમાં રહેલા ગેસ સિલિન્ડરો ફાટવાને કારણે જોરદાર વિસ્ફોટો થયા હતા, જેનાથી નજીકના એપાર્ટમેન્ટના બારીના કાચ પણ તૂટી ગયા હતા. સાવચેતીના ભાગરૂપે આસપાસના ઘરો ખાલી કરાવવામાં આવ્યા હતા.

જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સારાહ જેક્સનના જણાવ્યા અનુસાર, આ મામલે ત્રણ શંકાસ્પદોની શોધખોળ ચાલી રહી છે. સ્થાનિક રહેવાસીઓએ આ વિસ્ફોટોને અત્યંત ભયાનક ગણાવ્યા છે.

નોંધનીય છે કે 2023માં ઈઝરાયેલ-હમાસ યુદ્ધ શરૂ થયા બાદ બ્રિટનમાં યહૂદી વિરોધી ઘટનાઓમાં મોટો ઉછાળો આવ્યો છે. વર્ષ 2022માં આવી 1,662 ઘટનાઓ નોંધાઈ હતી, જે વર્ષ 2025માં વધીને 3,700 સુધી પહોંચી ગઈ છે. ઓક્ટોબર 2025માં પણ માન્ચેસ્ટરમાં એક સિનેગોગ પાસે જીવલેણ હુમલો થયો હતો.

# યુદ્ધની બિહારના લગ્નો પર આફત

**વરરાજાઓ** ખાડી દેશોમાં ફસાયા, હવે 'ઓનલાઈન નિકાહ'નો પ્લાન

**પરિવારોનો** હવે 'ઓનલાઈન નિકાહ' કરવાના 'પ્લાન-બી' પર વિચાર

**ગેસની** અછત વચ્ચે લાકડાના ચૂલા પર બનશે લગ્નનું જમણવાર

નવી દિલ્હી, તા. 23: અમેરિકા-ઈરાન યુદ્ધની ભયાનક અસરો હવે બિહારના ગામડાઓમાં ગુંજતા શરણાઈના સૂર પર આફત બનીને ત્રાટકી છે. ગાયા જિલ્લાના ખંડૈલ અને આસપાસના ગામોમાં લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, કંકોતરીઓ વહેંચાઈ ગઈ છે અને હોટલ-કેટરર્સ બુક થઈ ગયા છે, પરંતુ અસલી મુશ્કેલી એ છે કે વરરાજાઓ ખાડી દેશોમાં ફસાયેલા છે અને કન્યાઓ બિહારમાં કોઈ ચમત્કારની રાહ જોઈ રહી છે.

યુદ્ધના કારણે ફ્લાઈટ્સ રદ થતા કુવૈત, કતાર અને બહેરીન જેવા દેશોમાં કામ કરતા સેંકડો યુવાનો વતન પાછા આવી શક્યા નથી. જલીલ શાહના પુત્ર અને મિન્હાઝ જેવા અનેક વરરાજાઓની ટિકિટો વારંવાર કેન્સલ થઈ રહી છે. વરરાજાના પરિવારો હવે મુંઝવણમાં છે કે લગ્ન મોકૂફ રાખવા કે કોઈ અન્ય રસ્તો કાઢવો. સ્થિતિ એટલી ગંભીર છે કે જો વરરાજા સમયસર નહીં પહોંચે, તો પરિવારો હવે 'ઓનલાઈન નિકાહ' કરવાના 'પ્લાન-બી' પર પણ વિચાર કરી રહ્યા છે. બીજી તરફ, યુદ્ધના કારણે સર્જાયેલી ગેસની અછતને લીધે લગ્નનું જમણવાર હવે ગેસના બદલે લાકડાના ચૂલા પર બનાવવાની ફરજ પડી રહી છે. આંતરરાષ્ટ્રીય સંકટ વચ્ચે આ પરિવારો હવે માત્ર ભારતીય દૂતાવાસની મદદની આશા રાખી રહ્યા છે.

# અનિલ અંબાણી ગ્રુપ સામે ઢીલી તપાસ બદલ સુપ્રીમે સીબીઆઈ-ઈડીને ખખડાવ્યા

**કેવી** રીતે રૂ. 3,000 કરોડથી વધુની લોન માત્ર 26 કરોડ ચૂકવીને સેટલ કરવામાં આવી: સુપ્રીમ

**સુપ્રીમ** કોર્ટે તપાસ એજન્સીઓ પાસેથી તાજો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો સમયબદ્ધ તપાસનો આદેશ

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (એડીએજી) અને તેની કંપનીઓ સાથે જોડાયેલી અંદાજે રૂ. 73,000 કરોડની બેંક છેતરપિંડીની તપાસમાં સીબીઆઈ અને ઈડી દ્વારા દાખવવામાં આવેલી 'અનિચ્છા' સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે બંને એજન્સીઓને આ મામલે 'નિષ્પક્ષ, પારદર્શક અને સમયબદ્ધ' તપાસ કરવા આદેશ આપ્યો છે.

ભૂતપૂર્વ અમલદાર ઈ.એ.એસ. શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરતા કોર્ટે નોંધ્યું કે તપાસ એજન્સીઓની ઢીલી નીતિ સ્વીકાર્ય નથી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે અત્યાર સુધીમાં રૂ. 15,000 કરોડની અસ્કયામતો જપ્ત કરવામાં આવી છે અને વરિષ્ઠ અધિકારીઓ સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ, વકીલ પ્રશાંત ભૂષણે સેબીના રિપોર્ટનો હવાલો આપીને આક્ષેપ કર્યો હતો કે ભંડોળ ડાયવર્ટ કરવાનું આખું કૌભાંડ હોવા છતાં સીબીઆઈએ હજુ સુધી કોઈ ધરપકડ કરી નથી.

અદાલતે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે કેવી રીતે રૂ. 3,000 કરોડથી વધુની લોન માત્ર 26 કરોડ ચૂકવીને સેટલ કરવામાં આવી. ચીફ જસ્ટિસે 'ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કપ્સી કોડ' (આઈબીસી)ના દુરુપયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. અનિલ અંબાણી તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ જણાવ્યું કે આ કેસ પડતર હોવાથી બેંકો સેટલમેન્ટ માટે વાતચીત કરવા તૈયાર નથી.

દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓ પાસેથી તાજો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો અને વધુ સુનાવણી ચાર અઠવાડિયા પછી નક્કી કરી છે.

# ગેસનો બાટલો 10 કિલોનો?

**સરકાર** કહે ના રે ના

**મંત્રાલયે** વજન ઘટાડવાની વાતને ભ્રામક ગણાવી નકારી

નવી દિલ્હી, તા. 23: મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષની સીધી અસર હવે સામાન્ય ભારતીયના રસોડા સુધી પહોંચી રહી છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા અવરોધને કારણે ભારતમાં એલપીજીના સપ્લાય પર ભારે દબાણ આવ્યું છે. આ સ્થિતિમાં સોશિયલ મીડિયા પર એવી અફવા ફેલાઈ રહી છે કે સરકાર 14.2 કિલોના સિલિન્ડરમાં ગેસનું પ્રમાણ ઘટાડીને 10 કિલો કરવા પર વિચાર કરી રહી છે, જેથી મર્યાદિત સ્ટોક વધુ ઘરો સુધી પહોંચાડી શકાય.

જોકે, ભારત સરકારે આ અહેવાલોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલયે પત્રકાર પરિષદમાં સ્પષ્ટતા કરી છે કે 14.2 કિલોના સિલિન્ડરમાં ગેસ ઘટાડવાનો કોઈ જ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. સરકારે આવી ભ્રામક અફવાઓથી દૂર રહેવા જનતાને અપીલ કરી છે.

હકીકત એ છે કે ભારત પોતાની જરૂરિયાતનો 60% એલપીજી આયાત કરે છે, જેમાંથી 90% હિસ્સો ખાડી દેશોમાંથી આવે છે. વર્તમાન યુદ્ધની સ્થિતિમાં આ સપ્લાય ચેઈન ગંભીર રીતે ખોરવાઈ છે. ગયા અઠવાડિયે માત્ર બે જ જહાજો ભારત આવ્યા હતા, જેમાં રહેલો 92,700 ટન ગેસ દેશના માત્ર એક દિવસના વપરાશ જેટલો જ છે. અનેક ભારતીય ટેન્કરો હજુ પણ પર્શિયન ગલ્ફમાં ફસાયેલા હોવાથી દેશમાં ગેસનો સ્ટોક ઝડપથી ઘટી રહ્યો છે.

## અબુ ધાબીમાં મિસાઈલ હુમલો નિષ્ફળ: કાટમાળ પડતા ભારતીય ઈજાગ્રસ્ત

દુબઈ, તા. 23 (PTI) સત્તાવાળાઓએ સોમવારે જણાવ્યું હતું કે, અબુ ધાબીના અલ શવામેખ વિસ્તારમાં બેલેસ્ટિક મિસાઈલને સફળતાપૂર્વક તોડી પાડ્યા બાદ તેનો કાટમાળ\R માથે પડવાને કારણે એક ભારતીય નાગરિકને સામાન્ય ઈજા થઈ છે. એર ડિફેન્સ સિસ્ટમે આવતી મિસાઈલનો સામનો કર્યો તે પછી ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. મિસાઈલનો કાટમાળ રહેણાક વિસ્તારમાં પડ્યો હતો. અબુ ધાબી મીડિયા ઓફિસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "અબુ ધાબીના સંબંધિત સત્તાવાળાઓએ અલ શવામેખ વિસ્તારમાં એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા બેલેસ્ટિક મિસાઈલને સફળતાપૂર્વક તોડી પાડી હતી. આ ઘટનામાં એક ભારતીય નાગરિકને સામાન્ય ઈજા થઈ છે."